# ભારતમાં સ્થાનિક સ્વશાસન: ઐતિહાસિક પરિપ્રેક્ષ્યમાં

સંશોધક
ડૉ. પંકજ શ્રીમાળી
એસોસિયેટ પ્રોફેસર, ઈતિહાસ વિભાગ,
શ્રીમતી લક્ષ્મીબેન અને શ્રી ચીમનલાલ મહેતા આર્ટસ કોલેજ, અમદાવાદ

---

"સ્થાનિક સ્વશાસન એક એવું શાસન છે જે પોતાને મળેલ સમિતિ ક્ષેત્રમાં અધિકારોનો ઉપયોગ કરે."

ભારત એક વિશાળ વસ્તી ધરાવતો લોકશાહી દેશ છે. લોકશાહીની મૂળભૂત માન્યતા છેકે સર્વોચ્ચ સત્તા લોકોના હાથમાં હોવી જોઈએ. સ્થાનિક સાવશાસન એટલે લોકો દ્વારા ચલાવવામાં આવતું શાસન. સ્થાનિક સવશાસન્ના બે ક્ષેત્ર છે..

(૧) ગ્રામીણ ક્ષેત્ર.

(૨) નગરીય ક્ષેત્ર.

પંચાયતો રાજ ગ્રામીણ વ્યવસ્થા સાથે સંકળાયેલ છે. જયારે નગરપાલિકા નગરીય વ્યવસ્થા સાથે સંબંધ ધરાવે છે.

## (૧) ગ્રામીણ સ્થાનિક સ્વશાસન

ભારતમાં પ્રાચીન કાલથી જ અલગ અલગ નામોથી પંચાયતી રાજ વ્યવસ્થા અસ્તિત્વમાં રહી છે. સ્વતંત્રતા મળ્યા બાદ ગાંધીજીના પ્રભાવથી પંચાયતી રાજ વ્યવસ્થા ઉપર વધારે બહાર મૂકવામાં આવ્યો. ઈ. સ.૧૯૯૩ માં ૭૩ માં સુધારામાં સંશોધન કરી પંચાયતી રાજ વ્યવસ્થાને કાયદાકીય માન્યતા આપવામાં આવી હતી. જેમાં નીચેની બાબતો જોવા મળે છે

(૧) પંચાયતો વ્યવસ્થામાં સૌથી નીચેના સ્તરે ગ્રામ પંચાયત હશે. જેમાં એક અથવા એક કરતાં વધારે ગામડાઓ સામેલ કરી શકાશે.



Publishing URL: : http://www.researchreviewonline.com/issues/volume-7-issue-93-january-2021/RRJ162885

(૨) ગ્રામપંચાયતમાં કરવેરા લેવા સંબંધીત કાયદાઓ રાજ્ય સરકાર ઘડશે. જે રાજ્યોમાં ૨૦ લાખ કરતાં ઓછે વસ્તી હોય ત્યાં બે સ્તરીય પંચાયત (જિલ્લા તથા ગ્રામ) બનાવવામાં આવશે.

(3) બધા સ્તરની પંચાયતોના બધા સભ્યોની ચુંટણી 'પુખ્તવય મતાધિકાર' ના આધારે પાંચ વર્ષ માટે કરવામાં આવશે.

(4) ગ્રામ પંચાયતના અધ્યક્ષ (સરપંચ) ની ચુંટણી પ્રત્યક્ષ મતદાનથી તથા તાલુકા અને જિલ્લા પંચાયતના અધ્યક્ષની ચુંટણી અપ્રત્યક્ષ રૂપથી થશે.

(5) પંચાયતની બધા સ્તરની ચુંટણીમાં અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ માટે વસ્તીના આધારે અનામત બેઠકો અક્કી કરવામાં આવશે.

(6) મહિલાઓ માટે ૩૦%અનામત બેઠકો રાખવામાં આવશે.

(7) પાંચ વર્ષ પહેલા પણ પંચાયતનું વિધતાં કરી શકાય. પણ વિધાતાં પછે છ માસની અંદર ચુંટણી  કરવી જરૂરી છે.

**(૨) નગરીય સ્થાનિક સ્વશાસન**

નગરીય સ્થાનિક સ્વશાસન માટે બંધારણમાં કોઈ અલગ કાયદો બનાવવામાં આવ્યો નથી. પરંતુ સાતમી અનુસૂચીમાં રાજીયાદીની બાબતોમાં સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે આ સાથે સંબંધીત કાયદાઓ રાજ્ય સરકાર જ બનાવી શકશે ઈ. સ.. ૧૯૯૩ માં ૭૪ માં કાયદામાં સંશોધન કરીને નગર સ્થાનિક સ્વશાસનને બંધારણીય દરજ્જો આપવામાં આવ્યો છે. જેમાં નીચેની બાબત સમાવેશ થાય છે.

(૧) નગર પંચાયત એવા ક્ષેત્રોમાં બનાવવામાં આવશે કે જે ગ્રામીણ ક્ષેત્ર નગરીય ક્ષેત્રમાં ફેરવાય ગયો હોય.

(૨) નગરપાલિકા નાના નગરોના ક્ષેત્રોને ભેગા કરીને બનાવવામાં આવશે.

(3) નગર નિગમ મોત નગરો માટે બનાવવામાં આવશે.



Publishing URL: : http://www.researchreviewonline.com/issues/volume-7-issue-93-january-2021/RRJ162885

(૪) નગરીય સ્થાનિક સ્વશાસનની સંસ્થાઓમાં અનુસૂચિત જાતિ,અનુસૂચિત જનજાતિ તથા અન્ય પછાત વર્ગો માટે તેની વસ્તીના આધારે અનામત બેઠકો રાખવામાં આવશે.

(૫) નગરીય સ્થાનિક સ્વશાસનની મુદત પાંચ વર્ષની હશે. પણ પાંચ વર્ષ પહેલા પણ તેનું વિધટન કરી શકાશે. અને વિધટન બાદ ૬ મહિનાની અંદર ચુંટણી કરવી જરૂરી ગણાશે.

(૬) નગરીય સ્થાનિક સ્વશાસનમાં મહિલાઓ માટે એક તૃતિયાંશ બેઠકો અનામત રાખવામાં આવશે.

**સ્થાનિક સ્વશાસનનું મહત્વ**

સ્થાનિક સ્વશાસન પ્રાચીન કાળમાં પણ હતું. પરંતુ સમકાલીન સમયમાં સ્થાનિક સ્વશાસનમાં વધારે અધિકારો, સાધનો અને જવાબદારીઓ સોંપવામાં આવી છે. જે નીચેની બાબતો પરથી સ્પષ્ટ થાય છે.

(૧) ભારતમાં સ્વસ્થ લોકશાહી પંપરા ઊભી કરવા માટે સ્થાનિક સ્વશાસન મજબૂત આધાર પૂરો પાડે છે. જેથી શાસન લોકોના હાથમાં ચાલ્યું જાય છે. આ વ્યવસ્થાને કારણે ગામડાના લોકોમાં લોકશાહી પ્રત્યે લગાવ ઉત્પન્ન થાય છે.

(૨) પંચાયતના સભ્યો અને પદાધિકારીઓ સ્થાનિક સમાજ અને રાજનીતિક વ્યવસ્થા વચ્ચે કડી રૂપ છે. આસ્થાનિક સભ્યો કે પદાધિકારીઓ વિના રાષ્ટ્ર નિર્માણ ના કાર્યો કરવા મુશ્કેલ છે.

(૩) પંચાયતી રાજની સંસ્થાઓ સંસદ સભ્યો તથા મંત્રીઓને રાજનીતિનો પ્રાથમિક અનુભવ પૂરો પાડીને તથા પ્રશિક્ષણ આપી,દેશ માટે ભાવી નેતૃત્વ પુરુપાંડે છે.

(૪) પંચાયતી રાજના લીધે લોકો શાસકોની ખૂબ જ નજીક પહોંચી જાય છે. જેનાથી લોકો અને સરકાર વચ્ચે પરસ્પર સહકારની ભાવનામાં વધારો થાય છે. જે ભારતના નિર્માણ માટે ખૂબ જ જરૂરી છે.



Publishing URL: : http://www.researchreviewonline.com/issues/volume-7-issue-93-january-2021/RRJ162885

ISSN: 2321- 4708
Jan. 2021, Year - 7 (93)
Paper ID: RRJ162885

(૫) પંચાયતી રાજના કારણે કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારની સ્થાનિક સમસ્યાઓનું વિકેન્દ્રીકરણ કરી શકાય છે. લોકતાંત્રિક વિકેન્દ્રીકર્ણના કારણે શાસન થોડી ધણી સંસ્થાઓ પાસે ન રહેતા ગાંડાઓના કાર્યકરોના હાથમાં ચાલ્યું જાય છે.

(૬) પંચાયતો લોકશાહીની પ્રયોગશાળા છે. જે નાગરિકોને રાજનૈતિક અધિકારોના ઉપયોગનું શિક્ષણ આપે છે. સાથે જ તેમનામાં નાગરિક તરીકેના ગુણોનો વિકાસ કરવામાં મદદરૂપ બને છે.

**સ્થાનિક સ્વશાસનની ખામીઓ**

પંચાયતીરાજમાં વિકેન્દ્રીકરણના માધ્યમથી વિકાસની ગતિમાં વધારો થશે. યોજનાઓ જડપથી પૂરી થશે અને લોકોનો વિકાસ કામોમાં ભાગ લેવાની ચેતનામાં વધારો થશે. પણ આનો સાથે થોડી મુશ્કેલીઓ (ખામીઓ) આ વ્યવસ્થા જોવા મળે છે. તે નીચે મુજબ છે.

(૧) પંચાયતી રાજમાં જે લોકતાંત્રિક વિકેન્દ્રીકર્ણની પરકીયા છે. જે કેન્દ્ર સરકારને નબળી પાડી શકે છે. જતી,ધર્મ,વર્ણ અને લીંગની ઉપેક્ષા કરી તે સમાજના બધા વર્ગોમાં સમાનતાના આધારે સામાજિક, આર્થિક તથા રાજનીતિક ન્યાય અપાવવાની પ્રકિયામાં બાંધા બની શકે છે.

(૨) આ વ્યવસ્થામાં દેશની એકતા અને અખંડિતતાના લક્ષ્ય મેળવવાના માર્ગમાં મુશ્કેલી ઊભી કરે છે. એક બાજુ પહેલે થી જ અલગતાવાદી અને ઉગ્રવાદી શક્તિઓ દેશની એકતા અને અખંડિતતા તોડવા પ્રયત્ન કરી રહ્યા છે. ઉપર થી આ સંસ્થાઓ દ્વારા પણ બાધા પહોંચાડવામાં આવી રહી છે. આ આતંકવાદી શક્તિઓએ રાષ્ટ્રવાદના સૂત્રોને નબળા પાડયા છે.

(૩) પહેલા આપણે આ પણ અનુભવ કરી ચૂક્યા છીએ. કે ક્ષેત્રીય રાજનીતિઓ સ્થાનિક સંગઠનોના કાર્યોમાં હસ્તક્ષેપ કરે છે. હાલની સ્થિતિમાં આ બાબતને રોકવી ધણી મુશ્કેલ છે. આપણો દેશમાં રૂપિયા અને શક્તિનો દુરુપયોગ થઈ રહ્યોં છે. તેને પંચાયતી રાજની સફળતા માટે રોકવો પડશે.

(૪) આ પ્રકિયા રાજ્યને લધુમાટીઓના રક્ષણમાં વિધ્નો ઊભો કરી શકે છે.

(૫) આ વ્યવસ્થાના કારણે અધિકારીઓ અને પદાધિકારીઓ વચ્ચે સુમેળભર્યું વાતાવરણ બનાવવું મુશ્કેલ કાર્ય છે. બંનેની વચ્ચેના તણાવ પૂર્ણ સંબંધોને લીધે વિકાસના કાર્યો પર પ્રભાવ પડે છે.

**સ્થાનિક સ્વશાસનને પ્રભાવશાળી બનાવવાના સૂચનો**

(૧) પંચાયતી રાજ વ્યવસ્થાને વધારે પ્રભાવશાળી અને વ્યવહારીક બનાવવા માટે આવશ્યક છે કે ગ્રામસભાને કાનૂની માન્યતા આપવામાં આવે તથા તેની કાર્યવાહીનું સંચાલન લોકભાવના અનુસાર કરવામાં આવે છે. ગામડાના જીવનને અસર કરનારા તમામ મુદ્રાઓ વિશે ગ્રામસભામાં વિચાર વિમર્સ કરવામાં આવે. ગ્રામસભા દ્વારા વિચાર કરવા જેવા મુદાઓમાં પંચાયતનું બજેટ ,પંચાયત કામોનું વિવરણ,યોજનાઓ પ્રગતિ, લોન અને અનુદાનોનો ઉપયોગ, શાળા અને સહકારી સંસ્થાનું વ્યવસ્થાનપન, વગેરે બાબતોનો સમાવેશ કરવામાં આવશે.

(૨) પંચાયતી રાજ સંસ્થાઓનો નવા કર ઉઘરાવવાનો અધિકાર આપવામાં આવે . પંચાયતી રાજ સંસ્થાઓના સાધનોને વિકસિત કરવામાં આવે જેથી નાણાકીય સાધનોમાં વધારો કરીને વધારે સ્વતંત્રતાપૂર્વક તેઓ વિવેક અનુસાર પોતાના કર્તવ્યો પાળી શકે. રાજ્ય સરકાર દ્વારા આ સંસ્થાઓને આપવામાં આવતા અનુદાનોમાં વૃદ્ધિ કરવામાં આવે,પંચાયતી રાજ સંસ્થાઓને વ્યાજ વિના લોન આપવામાં આવે તથા લાભદાયક વ્યવસ્થા ચલાવવા માટે પ્રેરણા આપવામાં આવે. કર વસૂલ કરવાવાળી, વ્યવસ્થાને વધારે પ્રભાવશાળી બનાવવામાં આવે.

(૩) પંચાયતી રાજ સંસ્થાઓની ચુંટણી નિયત સમયમાં કરવામાં આવે.

(૪) પંચાયતી રાજ સંસ્થાઓને વધારે કાર્યપાલિક અધિકાર આપવામાં આવે.

(૫) પંચાયતી રાજમાં નિયમ એવા બનાવવામાં આવે જે સામાન્ય લોકો પણ સરળતાથી સમજી શકે.



Publishing URL: : http://www.researchreviewonline.com/issues/volume-7-issue-93-january-2021/RRJ162885

(૬) પંચાયતી રાજ સંસ્થાઓની કાર્યપ્રણાલીમાં રાજનીતિક દળોનો હસ્તક્ષેપ ન હોવો જોઈએ. અને આ સંસ્થાઓની ચુંટણી બધા દળોની સંમતીના આધાર પર કરવામાં આવે.

(૭) પંચાયતી રાજની સંસ્થાઓને કોઈ કારણ વિના પાંચ વર્ષ પહેલા ભંગ કરવામાં ન આવે.

(૮) પોલીસ તથા કવેરાની સેવાઓના સહકારની બાબત નિશ્ચિત કરવામાં આવે.

(૯) જિલ્લા પંચાયતના જિલ્લા વિકાસ અધિકારીને તેમના કર્મચારી પાસે શિસ્ત તથા સારી રીતે કામ લેવા માટે પ્રભાવશાળી સત્તા આપવામાં આવે તથા કર્મચારીઓના વાર્ષિક ગોપનીય રિપોર્ટ તેના ઉપરી અધિકારી દ્વારા ભરવામાં આવે અને આ રીપોર્ટ જિલ્લાવિકાસ અધિકારી સામે પ્રસ્તુત કરવામાં આવે.

(૧૦) જિલ્લાસત્રના અધિકારીઓએ ટીમવર્કથી કામ કરવું જોઈએ. તેમનું પ્રમુખ કાર્ય જિલ્લા પંચાયતની નીતીઓ અને યોજનાઓનો અમલ સુચાર રીતે કરવામાં આવે.

## Reference

**Indira Hirway.** "Panchayati Raj at Crossroads." *Economic and Political Weekly*, vol. 24, No. 29, 1989, pp. 1663–1667

**Gujarat Pradesh Panchayat Parishad** & Ors. v. State of Gujarat, (2007) 7 SCC 718

**Anand Teltumbde,** "India's (Jati) Panchayati Raj." *Economic and Political Weekly*, vol. 46, No. 36, 2011, pp. 10–11